EDI

Sandesh

August 11, 2013
Page No. 4
City Life

# હવે લાઇબ્રેરીમાં પણ સોશિયલ સાઇટનો ઉપયોગ થઇ રહ્યો છે

**અમદાવાદ : ૧૦ ઓગસ્ટ ૨૦૧૩**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, અમદાવાદ લાઇબ્રેરી નેટવર્ક, ઇન્ફર્મેશન એન્ડ લાઇબ્રેરી નેટવર્ક સેન્ટર દ્વારા ડો. એસ.આર રંગનાથનની બર્થ એનિવર્સરી નિમિત્તે લાઇબ્રેરી સાયન્સ વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૩૫૦ કરતા વધારે લોકો હાજર રહ્યાં હતાં.

લાઇબ્રેરીમાં આવી રહેલાં અવનવા પરિવર્તનોને બીજા લોકો સાથે શેર કરવાના કરવાના હેતુથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૧૦ પેપર પ્રેઝન્ટ કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટી,ગણપત યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત યુનિવર્સિટીમાં લાઇબ્રેરી સાયન્સનો અભ્યાસ કરતાં સ્ટુડન્ટ્સ હાજર રહ્યાં હતા.

**સમયના બદલાવ સાથે લાઈબ્રેરી પણ હાઇટેક બની ગઈ છે. જેના પરિણામે લોકો આ વિષય પર પોતાના વિચારો શેર કરતાં થયા છે**

આ કાર્યક્રમ વિશે વાત કરતા ઇ.ડી.આઇ.ના લાઇબ્રેરી ઇન્ચાર્જ બી.ગણપતિએ જણાવ્યું હતું કે, 'લાઇબ્રેરી દરેક ઇન્સ્ટિટ્યૂટ માટે હાર્ટ સમાન હોય છે. હવે તેમાં પણ નવા નવા પરિવર્તનો આવી રહ્યાં છે. જેને ધ્યાનમાં રાખીને આ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. નવી ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને શું પરિવર્તન કરી શકાય તેવી બાબતોને લગતાં પેપર્સ પણ એક્સપર્ટ દ્વારા રજુ કરવામાં આવ્યાં છે.' આ સેમિનારમાં 'સોશિયલ મીડિયાનો ઉપયોગ લાઇબ્રેરીમાં કેવી રીતે કરી શકાય?' એ વિષય પર પણ એક પેપર પ્રેઝન્ટ કરવામાં આવ્યું હતું. જેમ કે ફેસબુક દ્વારા લાઇબ્રેરિયન યૂઝર્સ સાથે ઇન્ટરેક્શન કરી શકે છે, સાથે જ લાઇબ્રેરીને લગતી નવા એપ્લિકેશન વિશે માહિતી આપી શકે છે. આ ઉપરાંત માય સ્પેસ, બ્લોગ, એનસાઇક્લોપિડિયા, લિન્ક્ડ ઇન, ટ્વિટર, યૂ-ટ્યૂબ, ફ્લિકર, લાઇબ્રેરી થિંગ વગેરેનો ઉપયોગ કરીને યૂઝર્સને બુક સર્ચ, રિસર્ચમાં મદદ રૂપ થઇ શકે છે.